સને ૨૦૨૫-૨૬ નવી યોજના

રાજ્યની જીલ્લા પંચાયત હસ્તકની પશુસારવાર સંસ્થાઓના નવા મકાનોનું બાંધકામ તથા નવીનીકરણની યોજના (રૂ. ૪૮.૬૪ કરોડ)

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક: ACD/MIS/e-file/2/2024/4592/P1
સચિવાલય, ગાંધીનગર

**વંચાણમાં લીધા:-**

૧.પશુપાલન નિયામકશ્રીના પત્ર જાનં DOAH/NEW/e-file/304/2024/3317/V Branch, Dated:04/12/2024

૨. પશુપાલન નિયામકશ્રીના પત્ર જાનં.DOAH/NEW/e-file/304/2024/3317/ V Branch, Dated:07/04/2025

**આમુખ-**

વંચાણે લીધેલ ક્રમ-૧ પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા.૦૪/૧૨/૨૦૨૪ના પત્રથી રાજ્યની જીલ્લા પંચાયત હસ્તકની પશુસારવાર સંસ્થાઓના નવા મકાનોનું બાંધકામ તથા નવીનીકરણની યોજના માટે પૂર્વ અંદાજપત્રીય ચકાસણી દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. સદરહું દરખાસ્તના અનુસંધાને સદર યોજનાને સને ૨૦૨૫-૨૬માં નવી બાબત તરીકે માર્ગ અને મકાન વિભાગના અંદાજપત્ર પ્રકાશન નં-૨૨ ના પાના નંબર:૨૩૭, ૨૩૮ ઉપર બજેટ સદર ૪૪૦૩-૧૦૧ (૪૨) હેઠળ કુલ રૂપિયા રૂ.૯૦.૩૫ કરોડની જોગવાઇ થયેલ છે. જેમાં નવી બાબત માટે કુલ રૂ.૪૮.૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ હતી. જે અનુસંધાને વંચાણે લીધા-(૨) પરના પત્રથી પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગાંધીનગના તા.૨૩/૦૧/૨૦૨૫ના પત્રથી સદર યોજના માટે મળેલ પ્લાન એસ્ટીમેટ મુજબ કુલ રૂપિયા ૪૮.૬૪ કરોડ (અંકે રૂપિયા અડતાલીસ કરોડ ચોસઠ લાખ પુરા) ની વહીવટી મંજુરી મેળવવા અત્રે દરખાસ્ત રજુ કરવામાં આવેલ. જેની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે રાજ્યની જીલ્લા પંચાયત. હસ્તકની આ સાથે સામેલ પત્રક-૧ મુજબના-૩૩ તેમજ પત્રક-૧(અ) મુજબના-૨૪ મળી કુલ ૫૭ પશુસારવાર સંસ્થાઓના નવીન બાંધકામ તેમજ પત્રક-૨ મુજબની ૧૮ પશુસારવાર સંસ્થાઓના નવીનીકરણ માટેના અંદાજો મળી કુલ રૂ.૪૮.૬૪ કરોડની સદરહું નવી યોજનાને સને ૨૦૨૫-૨૬ના વર્ષ માટે અંદાજપત્રમાં થયેલ જોગવાઇ તેમજ નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજુરી આપવાનુ આથી ઠરાવવામાં આવે છે.

**શરતો અને બોલીઓ:**

1. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે પશુપાલન નિયામકશ્રીની કચેરીએ તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઇપ ડીઝાઇન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.
2. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.
3. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.
4. રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.
5. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.
6. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાચે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન , પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.
7. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

8. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

9. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

10. બાંધકામ અંગેની કામગીરી સંદર્ભે સરકારશ્રીની મંજૂરીથી જો કોઈ અલાયદા એકમને બાંધકામની જવાબદારી સોંપવામાં આવી હોય તે સિવાયના બાંધકામના તમામ કિસ્સાઓમાં રાજ્ય સરકારના માર્ગ અને મકાન વિભાગ મારફત જ કામગીરી કરાવવાની રહેશે.

11. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

12. આ બાંધકામ અંદાજોની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

13. ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ મુજબ ખરીદી ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ મારફતે કરવા ખરીદ પધ્ધતિ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. પરંતુ જે વસ્તુઓ GeM Portal પર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદના વખતો વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

14. સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

15. જો મકાન તોડી પાડવાનું હોય તો મકાન તોડી પાડવાની અનુમતી સક્ષમ કક્ષાએથી મેળવ્યા બાદ ગ્રાંટ રીલીઝ કરવાની પશુપાલન નિયામકશ્રીની કચેરીએ તકેદારી રાખવાની રહેશે.

16. કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

17. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

18. નાણા વિભાગના કરકસર પ્રભાગ દ્વારા વખતો વખત બહાર પાડવામાં આવતી કરકસર અંગેની સુચનાઓનું વિભાગે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

19. સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન, કે કેંદ્રીય ફાળા થી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

20. સમગ્ર પ્રોજેક્ટ તેની વહીવટી મંજુરીની મર્યાદામાં સમય સર પૂર્ણ થાય તે રીતે સમયબધ્ધ નાણાકિય આયોજન કરવાનું રહેશે. તે માટેના જરૂરી નાણાકીય સ્ત્રોત પાસેથી સમય સર ફંડ ઉપલબ્ધ થાય તેનું આયોજન કરવાનું રહેશે.

21. માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં- RBD / OAS / e – File / 16 / 2022 / 0002 / Section C Date. 11 / 10 / 2023 દ્વારા દર્શાવેલ ઇમ્લીમેન્ટેશન ઓફ સ્ટાન્ડર્ડ બીડીંગ પ્રોઝીસરનું પાલન કરવાનું રહેશે.

22. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

23. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

24. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

25. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

26. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

27. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

28. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ યોજના અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદર હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે મંજુર થયેલ ગ્રાંટમાંથી મેળવવાનો રહેશે. અને

તે જ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

માંગણી નંબર:૮૪
સેક્ટર :ગ-આર્થિક સેવાઓ
પેટા સેક્ટર :(ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ
મુખ્ય સદર :૪૪૦૩- પશુપાલન
ગૌણ સદર:૧૦૧ પશુચિકિત્સા સેવા અને પશુ આરોગ્ય
પેટા સદર :૪૨- ANH-16 મકાનો
હેતુ સદર : (૫૩૦૦) મોટા કામ

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા ગ્રાન્ટ ફાળવણી કરે તે મુજબ તથા સરકારશ્રીના નાણાં વિભાગની વખતોવખતની સુચનાઓને ધ્યાને લઇ ખર્ચ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઇલ પર નાણા વિભાગની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કામીની દેસાઇ)
સેકશન અધિકારી
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

બિડાણ: પત્રક ૧,પત્રક ૧(અ), પત્રક ૨

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(પશુપાલન) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(પશુપાલન) ના અંગત સચિવશ્રી,કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, ગુ.રા, કૃષિભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(કૃષિ), નાણાંવિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી, (ES-૧) એકાઉન્ટ જનરલ, અમદાવાદ (E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- એ.જી.(ઓડીટ)ની કચેરી, રાજકોટ/અમદાવાદ
- સેક્શન અધિકારીશ્રી (IT સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની પી.૨/બજેટ/આયોજન શાખા - સિલેક્ટ ફાઇલ

**પત્રક - ૧**

**પશુસારવાર સંસ્થાઓના નવા મકાનોનું વિજળી, પાણી અને ગટર વ્યવસ્થાવાળુ મકાન બાંધકામની યોજના વર્ષ ૨૦૨૫-૨૬**

| અ નં | જિલ્લાનું નામ | તાલુકો | બાંધકામ | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પશુસારવાર સંસ્થાનું નામ | સ્થળ | કામની વિગત | અંદાજોની રકમ (રૂ.કરોડમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | બનાસકાંઠા | થરાદ | પશુદવાખાના | થરાદ | પશુદવાખાના બાંધકામ | ૧.૮૫ |
| ૨ | બનાસકાંઠા | ધાનેરા | પ્રા.પ.સા.કે. | કુવારલા | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૧.૧૯ |
| ૩ | બનાસકાંઠા | દાંતા | પશુદવાખાના | ભાંખરી | પશુદવાખાના બાંધકામ | ૧.૫૪ |
| ૪ | બનાસકાંઠા | દાંતા | પશુદવાખાના | હડાદ | પશુદવાખાના બાંધકામ | ૧.૫૪ |
| ૫ | અમરેલી | ધારી | પશુદવાખાના | ધારી | સ્ટોર રૂમ, કમ્પાઉન્ડવોલ અને શેડ બાંધકામ | ૧.૦૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૬ | અમરેલી | અમરેલી | પશુદવાખાના | અમરેલી | પશુદવાખાના બાંધકામ | ૦.૯૯ |
| ૭ | અમરેલી | સાવરકુંડલા | પશુદવાખાના | સાવરકુંડલા | પશુદવાખાના બાંધકામ | ૧.૧૧ |
| ૮ | આણંદ | પેટલાદ | પશુદવાખાના | પેટલાદ | પશુદવાખાના બાંધકામ | ૧.૧૨ |
| ૯ | મહીસાગર | બાલાસિનોર | પશુદવાખાના | જનોડ | પશુદવાખાના બાંધકામ | ૧.૪૬ |
| ૧૦ | મહીસાગર | બાલાસિનોર | પશુદવાખાના | પાંડવા | પશુદવાખાના બાંધકામ | ૧.૫૨ |
| ૧૧ | મહીસાગર | વિરપુર | પશુદવાખાના | ડેભારી | પશુદવાખાના બાંધકામ | ૧.૪૬ |
| ૧૨ | મહીસાગર | લુણાવાડા | કૃત્રિમ બીજદાન કેંદ્ર | મલેકપુર | કૃત્રિમ બીજદાન કેંદ્ર બાંધકામ | ૧.૪૬ |
| ૧૩ | મહીસાગર | લુણાવાડા | કૃત્રિમ બીજદાન કેંદ્ર | ખારોલ | કૃત્રિમ બીજદાન કેંદ્ર બાંધકામ | ૧.૪૬ |
| ૧૪ | પાટણ | સિધ્ધપુર | પશુદવાખાના | સિધ્ધપુર | પશુદવાખાના બાંધકામ | ૧.૪૧ |
| ૧૫ | પાટણ | સિધ્ધપુર | પ્રા.પ.સા.કે. | સમોડા | કમ્પાઉન્ડવોલ,દરવાજા, ટ્રેવીસ શેડ બાંધકામ | ૦.૨૨ |
| ૧૬ | પાટણ | સિધ્ધપુર | પ્રા.પ.સા.કે. | ચંદ્રાવતી | કમ્પાઉન્ડવોલ,દરવાજા, ટ્રેવીસ શેડ બાંધકામ | ૦.૨૧ |
| ૧૭ | પાટણ | સિધ્ધપુર | પ્રા.પ.સા.કે. | કુંવારા | ટ્રેવીસ શેડ બાંધકામ | ૦.૦૮ |
| ૧૮ | પાટણ | સમી | પશુદવાખાના | સમી | સેન્ટ્રલ વેક્સીન કમ મેડીસીન સ્ટોક સ્ટોરેજ રૂમ | ૦.૨૬ |
| ૧૯ | નવસારી | વાંસદા | પ્રા.પ.સા.કે. | મહુવાસ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૦.૯૪ |
| ૨૦ | ભાવનગર | વલ્લભીપુર | પશુદવાખાના | વલ્લભીપુર | પશુદવાખાના બાંધકામ | ૦.૯૬ |
| ૨૧ | ભાવનગર | વલ્લભીપુર | પ્રા.પ.સા.કે. | જુના રતનપર | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૦.૮ |
| ૨૨ | જુનાગઢ | માંગરોળ | પશુદવાખાના | ચંદવાણા | પશુદવાખાના બાંધકામ | ૧.૩૪ |
| ૨૩ | જુનાગઢ | માળીયા | પશુદવાખાના | અમરાપુર | પશુદવાખાના બાંધકામ | ૧.૪ |
| ૨૪ | જુનાગઢ | માળીયા હાટીના | પશુદવાખાના | માળીયા | પશુદવાખાના બાંધકામ | ૧.૪ |
| ૨૫ | જુનાગઢ | વંથલી | પશુદવાખાના | ખોરાસા(આહીર) | પશુદવાખાના બાંધકામ | ૧.૫ |
| ૨૬ | જુનાગઢ | વંથલી | પશુદવાખાના | મહોબતપુર | પશુદવાખાના બાંધકામ | ૧.૫ |
| ૨૭ | મહેસાણા | કડી | પશુદવાખાના | રાજપુર | પશુદવાખાના બાંધકામ | ૧.૧ |
| ૨૮ | વલસાડ | વાપી | પશુદવાખાના | વાપી | પશુદવાખાના બાંધકામ | ૧.૬ |
| ૨૯ | કચ્છ | અંજાર | પ્રા.પ.સા.કે. | લાખાપર | પ્રા.પ.સા.કે. બાંધકામ, કમ્પાઉન્ડવોલ, શેડ, સી.સી. રોડ વગેરે | ૧.૦૫ |
| ૩૦ | કચ્છ | ભચાઉ | પશુદવાખાના | આધોઇ | પશુદવાખાના અને પ.ચિ.અ. ક્વાર્ટર બાંધકામ | ૧.૫૫ |
| ૩૧ | કચ્છ | અબડાસા | પ્રા.પ.સા.કે. | બિટ્ટા | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૦.૮૧ |
| ૩૨ | કચ્છ | અબડાસા | પ્રા.પ.સા.કે. | વાયોર | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૦.૮ |
| ૩૩ | કચ્છ | અબડાસા | પ્રા.પ.સા.કે. | ડુમરા | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૦.૮ |
| બાંધકામ કુલ | | | | | | ૩૭.૪૪ |

**પત્રક - ૧ (અ)**

**અગાઉ મંજુર થયેલ પશુસારવાર સંસ્થાઓના મકાન બાંધકામ માટે વધારાની ગ્રાંટ મેળવવાનું પત્રક (રૂ.કરોડમાં)**

| અ નં | જિલ્લાનું નામ | તાલુકો | પશુ સારવાર સંસ્થાનું નામ/સ્થળ | કામની વિગત | | | નવા SOR પ્રમાણે નક્કી થતી રકમ (રૂ.કરોડમાં) | નવા SOR પ્રમાણે મેળવવાની થતી વધારાની રકમ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૧ | પંચમહાલ | શહેરા | પશુદવાખાના, મોરવા રેણા | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૯૬૫ | ૧.૬૨ | ૦.૬૫ |
| ૨ | બનાસકાંઠા | ધાનેરા | પશુદવાખાના, ધાનેરા | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૭૯૩ | ૧.૩૩ | ૦.૫૪ |
| ૩ | આણંદ | તારાપુર | પ્રા.પ.સા.કે., ઇન્દ્રણજ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૧૭-૧૮ | ૦.૧૪૯૫ | ૦.૨૩ | ૦.૦૮ |
| ૪ | કચ્છ | અબડાસા | પશુદવાખાના, કોઠારા | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૭૧૮૫ | ૦.૯૪ | ૦.૨૨ |
| ૫ | સાબરકાંઠા | ઇડર | પ્રા.પ.સા.કે., વેરાબર | પ્રા.પ.સા.કે. અને કમ્પાઉન્ડવોલ બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૫૦૭૪ | ૦.૮૬ | ૦.૩૫ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | પ્રા.પ.સા.કે., દેરોલ | પ્રા.પ.સા.કે. અને કમ્પાઉન્ડવોલ બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૪૪૦૫ | ૦.૮૫ | ૦.૪૧ |
| ૭ | સાબરકાંઠા | ખેડબ્રહ્મા | પ્રા.પ.સા.કે., સેબલિયા | પ્રા.પ.સા.કે. અને કમ્પાઉન્ડવોલ બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૫૧૩૬ | ૦.૯ | ૦.૩૯ |
| ૮ | સાબરકાંઠા | પ્રાંતિજ | પશુદવાખાના, સોનાસણ | પશુદવાખાના અને કમ્પાઉન્ડવોલ બાંધકામ | ૨૦૨૦-૨૧ | ૦.૨૬ | ૦.૪૪ | ૦.૧૮ |
| ૯ | મહીસાગર | બાલાસિનોર | પ્રા.પ.સા.કે., દેવ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૦-૨૧ | ૦.૬૧૫ | ૦.૯૯ | ૦.૩૭ |
| ૧૦ | ખેડા | ઠાસરા | પશુદવાખાના, ડાકોર | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૬ | ૧.૧૮ | ૦.૫૮ |
| ૧૧ | ડાંગ | આહવા | પશુધન ઉત્પાદન કેંદ્ર, મોરઝીરા | પશુધન ઉત્પાદન કેંદ્ર બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૯૭૦૭ | ૧.૦૯ | ૦.૧૨ |
| ૧૨ | ડાંગ | આહવા | પ્રા.પ.સા.કે., ગલકુંડ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૧.૩૦૩૧ | ૧.૪૪ | ૦.૧૪ |
| ૧૩ | ડાંગ | સુબીર | પશુદવાખાના, પીપલદહાડ | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૧.૩૦૦૧ | ૧.૪૨ | ૦.૧૨ |
| ૧૪ | ડાંગ | સુબીર | પ્રા.પ.સા.કે., નકટીયાહનવત | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૯૭૦૭ | ૧.૦૮ | ૦.૧૧ |
| ૧૫ | ડાંગ | વઘઇ | પ્રા.પ.સા.કે., નડગચોંડ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૮૫૪૨ | ૦.૯૯ | ૦.૧૪ |
| ૧૬ | ડાંગ | વઘઇ | પ્રા.પ.સા.કે., કાલીબેલ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૧-૨૨-૨૩ | ૦.૫૦૪૬ | ૦.૯૬ | ૦.૪૬ |
| ૧૭ | ગાંધીનગર | દહેગામ | પશુદવાખાના, રખિયાલ | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૧.૦૨૯૪ | ૧.૪૫ | ૦.૪૨ |
| ૧૮ | ગાંધીનગર | માણસા | પશુદવાખાના, લોદ્રા | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૧.૦૨૯૪ | ૧.૪૫ | ૦.૪૨ |
| ૧૯ | ગાંધીનગર | કલોલ | પશુદવાખાના, કલોલ | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૧.૦૨૯૪ | ૧.૪૫ | ૦.૪૨ |
| ૨૦ | ભાવનગર | શિહોર | પશુદવાખાના, સણોસરા | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૬ | ૦.૮ | ૦.૨ |
| ૨૧ | દેવભુમિ દ્વારકા | ખંભાળીયા | પ્રા.પ.સા.કે., ભંડારિયા | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૧-૨૨ | ૦.૪૯૩૮ | ૧.૩૫ | ૦.૮૬ |
| ૨૨ | દેવભુમિ દ્વારકા | જામકલ્યાણપુરા | પશુદવાખાના, ભાટિયા | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૯ | ૧.૪૫ | ૦.૫૫ |
| ૨૩ | સુરત | બારડોલી | પશુદવાખાના, બારડોલી | પશુદવાખાના બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૫૫૮૮ | ૦.૬૪ | ૦.૦૮ |
| ૨૪ | સુરત | કામરેજ | પ્રા.પ.સા.કે., ઉંભેળ | પ્રા.પ.સા.કે. બાંધકામ | ૨૦૨૩-૨૪ | ૦.૪૫૮૯ | ૦.૬૬ | ૦.૨ |
| | **અગાઉ મંજુર થયેલ બાંધકામ માટે વધારાની ગ્રાંટ કુલ** | | | | | ૧૭.૫૬૫૬ | ૨૫.૫૭ | ૮.૦૧ |

**પત્રક - ૨**

**પશુસારવાર સંસ્થાઓના મકાનોનું મરામત કામની યોજના વર્ષ ૨૦૨૫-૨૬**

| અ નં | જિલ્લાનું નામ | તાલુકો | મરામત | | | |
|---|---|---|---|---|---|---|
| | | | પશુસારવાર સંસ્થાનું નામ | સ્થળ | કામની વિગત | અંદાજીત રકમ (કરોડમાં) |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | સાબરકાંઠા | પોશીના | પશુદવાખાના | લાંબડીયા | પશુદવાખાના રીપેરીંગ | ૦.૦૬ |
| ૨ | સાબરકાંઠા | પોશીના | પશુદવાખાના | દેલવાડા | પશુદવાખાના રીપેરીંગ | ૦.૧૯ |
| ૩ | સાબરકાંઠા | પોશીના | પશુદવાખાના | પોશીના | પશુદવાખાના રીપેરીંગ | ૦.૧૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | સાબરકાંઠા | તલોદ | પશુદવાખાના | તલોદ | પશુદવાખાના રીપેરીંગ, લેબોરેટરી, સ્ટોર અને શેડ બાંધકામ | ૦.૫૭ |
| ૫ | સાબરકાંઠા | હિંમતનગર | પશુદવાખાના | પુંસરી | પશુદવાખાના રીપેરીંગ | ૦.૨૩ |
| ૬ | આણંદ | આણંદ | પ્રા.પ.સા.કે. | સારસા | પ્રા.પ.સા.કે. રીપેરીંગ | ૦.૨ |
| ૭ | નવસારી | વાંસદા | પ્રા.પ.સા.કે. | બોરીઆછ | પ્રા.પ.સા.કે. રીપેરીંગ | ૦.૩૪ |
| ૮ | પાટણ | સમી | પશુદવાખાના | સમી | ફ્લોરીંગ તથા બારી-બારણા રીપેરીંગ | ૦.૦૮ |
| ૯ | બનાસકાંઠા | ડીસા | પશુદવાખાના | આસેડા | પશુદવાખાના રીપેરીંગ | ૦.૧૮ |
| ૧૦ | બનાસકાંઠા | ડીસા | પશુદવાખાના | સમોમોટા | પશુદવાખાના રીપેરીંગ | ૦.૨ |
| ૧૧ | બનાસકાંઠા | લાખણી | પશુદવાખાના | નાણી | પશુદવાખાના રીપેરીંગ | ૦.૧ |
| ૧૨ | પંચમહાલ | હાલોલ | પશુદવાખાના | કથોલા | પશુદવાખાના રીપેરીંગ | ૦.૧૫ |
| ૧૩ | પંચમહાલ | હાલોલ | પશુદવાખાના | વાઘબોડ | પશુદવાખાના રીપેરીંગ | ૦.૧૫ |
| ૧૪ | પંચમહાલ | હાલોલ | પ્રા.પ.સા.કે. | તલાવડી | પ્રા.પ.સા.કે. રીપેરીંગ | ૦.૧૬ |
| ૧૫ | કચ્છ | ભુજ | પ્રા.પ.સા.કે. | ખાવડા | પ્રા.પ.સા.કે. રીપેરીંગ | ૦.૧૧ |
| ૧૬ | કચ્છ | ભુજ | પ્રા.પ.સા.કે. | દેસલપર | પ્રા.પ.સા.કે. રીપેરીંગ | ૦.૦૯ |
| ૧૭ | કચ્છ | ભુજ | પશુદવાખાના | ભુજ | પશુદવાખાના અને પ.ચિ.અ. ક્વાર્ટર રીપેરીંગ | ૦.૦૯ |
| ૧૮ | કચ્છ | ભુજ | પશુદવાખાના | ધનેતી | પ્રા.પ.સા.કે. રીપેરીંગ | ૦.૧૫ |
| મરામત કુલ | | | | | | ૩.૧૯ |
| બાંધકામ કુલ | | | | | | ૪૫.૪૫ |
| બાંધકામ+મરામત (કુલ) | | | | | | ૪૮.૬૪ |

Signature Not Verified

Signed by:K S Desai
Section Officer (I/C)
Date:2025.04.23
11:26:24 +5:30

File No: ACD/MIS/e-file/2/2024/4592/P1 Section - AH Schemes
Approved By: Deputy Secretary,P3 Section-AH Board-Corp. Schemes,
Open the document in Adobe Acrobat DC to verify the E-sign